અમિત શાહની નજીકના ગણાતા વિશ્વકર્માની ઓબીસી નેતા અને સક્ષમ સિનિયર મંત્રી તરીકેની ઓળખ

# જગદીશ વિશ્વકર્મા ભાજપના પ્રદેશ પ્રમુખ, આજે ઔપચારિક જાહેરાત

**ત્રણ** ટર્મની અમદાવાદ નિકોલ પર ચુંટાતા અને હાલની કેબિનેટના સહકાર મંત્રી પર ભાજપે પસંદગીનો કળશ ઢોળ્યો

**વિજયમુહૂર્તમાં** ફોર્મ ભર્યું અને 10 નેતાએ ટેકો આપ્યો, આજે વિધિવત નિમણૂકની જાહેરાત કરાશે

**દિવાળી** પૂર્વે ભૂપેન્દ્ર પટેલની કેબિનેટમાં મોટા ફેરફારની પણ સંભાવના

**એક** જુનિયર મંત્રીને બઢતી મળશે, મોટા ભાગના મોટાં માથાં બદલાય તેવી વકી



ગાંધીનગરઃ આજે 12.39 વાગ્યે એટલે કે વિજય મુહૂર્તમાં ભાજપના ઓબીસી નેતા અને સીનિયર મંત્રી જગદીશ વિશ્વકર્માએ ભાજપના કમલમ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપના અધ્યક્ષ પદ માટે ઉમેદવારી ફોર્મ ભર્યુ હતું. જ્યારે પાર્ટીના જ 10 નેતાએ તેમને સમર્થન આપ્યું હતું. આવતીકાલે સવારે કમલમ ખાતે ઔપચારિક રીતે ચૂંટણીની કાર્યવાહી હાથ ધરીને જગદીશ વિશ્વકર્માને પ્રદેશ પ્રમુખ તરીકે ચૂંટાયેલા જાહેર કરાશે. આમ, ભાજપે પ્રદેશ પ્રમુખ તરીકે OBC ચહેરાની પસંદગી કરી છે. જગદીશ વિશ્વકર્મા ઓબીસી સમાજમાંથી આવે છે, તેઓ હાલ રાજ્ય સરકારમાં રાજ્યકક્ષાના મંત્રી છે અને અમદાવાદ શહેર પ્રમુખ તરીકેનો સંગઠનનો બહોળો અનુભવ ધરાવે છે. તેમજ તેઓ અમિત શાહના ખૂબ વિશ્વાસુ માનવામાં આવે છે. જગદીશ વિશ્વકર્મા સતત ત્રણ ટર્મથી અમદાવાદ પૂર્વની નિકોલ બેઠક પરથી ચૂંટાઈ આવ્યા છે. જ્યારે હાલમાં સીએમ ભૂપેન્દ્ર પટેલની સરકારમાં સહકાર મંત્રી છે.

ગુજરાત ભાજપના વર્તમાન પ્રદેશ પ્રમુખ ચંદ્રકાંતભાઈ પાટીલની બિહારના સહપ્રભારી તરીકે વરણી કરવામાં આવી છે. આથી તેમને ગુજરાતના પ્રદેશ પ્રમુખ તરીકેની જવાબદારીમાંથી વહેલા મુક્ત કરવા માટે, ભાજપના મોવડી મંડળે ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખપદનું કોકડું ઉકેલવા ઝડપી કાર્યવાહી કરી છે. આવતીકાલે જગદીશ વિશ્વકર્માને પ્રદેશ પ્રમુખ તરીકે સત્તાવાર રીતે નીમાયેલા જાહેર કરાશે. હવે સીએમ ભૂપેન્દ્ર પટેલની કેબિનેટમાં પણ ધરખમ ફેરફાર આવે તેવી સંભાવના છે. દિવાળી પહેલા જ આ ફેરફાર થાય તેવી સંભાવના છે. ચારેક મંત્રીઓને બાદ કરતાં આખી કેબિનેટમાં મોટાભાગના મંત્રીઓને પડતાં મૂકીને નવા ચહેરાઓને સ્થાન મળી શકે તેમ છે. એકાદ જુનિયર મંત્રીને કેબિનેટ કક્ષાએ બઢતી મળી શકે છે, જો કે આ મંત્રીના ખાતાઓમાં ફેરફાર આવશે, તે નિશ્ચિત મનાય છે.

## અત્યાર સુધીના ભાજપના પ્રદેશ પ્રમુખ

કેશુભાઇ પટેલ - 1980 થી 1983
મકરંદ દેસાઇ - 1983 થી 1985
ડો. એકે પટેલ - 1985 થી 1986
શંકરસિંહ વાઘેલા - 1986 થી 1991
કાશીરામ રાણા - 1991 થી 1996
વજુભાઇ વાળા - 1996 છી 1998
રાજેન્દ્રસિં રાણા - 1998 થી 2005
વજુભાઇ વાળા - 2005 થી 2006
પરસોત્તમ રૂપાલા - 2006 થી 2010
આરસી ફળદુ - 2010 થી 2016
વિજય રૂપાણી - ફેબ્રુઆરી 2016 થી ઓગષ્ટ 2016
જીતુ વાઘાણી - ઓગષ્ટ 2016 થી જુલાઇ 2020
સીઆર પાટીલ - જુલાઇ 2020 થી સપ્ટેમ્બર 2025

## વ્યક્તિગત પરિચય

» જગદીશ ઈશ્વરભાઈ વિશ્વકર્મા (પંચાલ)
» જન્મ: ૧૨ ઓગસ્ટ, ૧૯૭૩.
» વર્તમાન પદ: ગુજરાત સરકારમાં રાજ્ય કક્ષાના મંત્રી
» મતવિસ્તારઃ ગુજરાત વિધાનસભામાં નિકોલ બેઠક (અમદાવાદ)નું પ્રતિનિધિત્વ
» રાજકીય કારકિર્દીઃ જગદીશ વિશ્વકર્માએ એક બૂથ કાર્યકર તરીકે રાજકારણમાં પ્રવેશ કર્યો હતો અને ધીમે ધીમે પક્ષમાં મહત્ત્વના હોદ્દાઓ પર પહોંચ્યા.
» શરૂઆતનો પ્રવાસઃ ૧૯૯૮માં તેમણે ઠક્કરબાપાનગરમાં બૂથ પ્રભારી તરીકે પોતાની રાજકીય યાત્રા શરૂ કરી હતી.
» પક્ષમાં મહત્ત્વના હોદ્દાઃ ૨૦૧૩ઃ તેઓ ભારતીય જનતા પાર્ટી, ગુજરાતના ઉદ્યોગ સેલના સંયોજક તરીકે રહ્યા હતા. ત્યારબાદ, તેમણે કર્ણાવતી BJP અમદાવાદ શહેરના પ્રમુખ તરીકે પણ સેવા આપી. ૨૦૧૨માં તેઓ પ્રથમ વખત ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં નિકોલ બેઠક પરથી ધારાસભ્ય (MLA) તરીકે ચૂંટાયા. ૨૦૧૭માં તેઓ ફરીથી નિકોલ બેઠક પરથી ચૂંટાયા. ૨૦૨૨માં તેઓ ત્રીજી વખત નિકોલ બેઠક પરથી ચૂંટાઈને વિધાનસભાના સભ્ય બન્યા.
» મંત્રી પદઃ ભૂપેન્દ્ર પટેલની કેબિનેટમાં હાલમાં તેઓ રાજ્ય કક્ષાના મંત્રી તરીકે સહકાર, લઘુ, લઘુ અને મધ્યમ ઉદ્યોગો, કુટીર, ખાદી અને ગ્રામ્ય ઉદ્યોગો, મીઠા ઉદ્યોગ, પ્રોટોકોલ, મુદ્રણ અને સ્ટેશનરી, સહાયક મંત્રી તરીકે ઉદ્યોગો, માર્ગ અને મકાન , વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન વિભાગો સંભાળે છે.
» અગાઉના પદઃ સપ્ટેમ્બર ૨૦૨૧થી ડિસેમ્બર ૨૦૨૨ દરમિયાન રાજ્ય કક્ષાના મંત્રી તરીકે વન, પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન, માર્ગ અને મકાન, મીઠા ઉદ્યોગ, મુદ્રણ અને સ્ટેશનરી અને પ્રોટોકોલ વિભાગોનો હવાલો સંભાળ્યો હતો.

## અમદાવાદમાં સિલિન્ડર બ્લાસ્ટમાં ચાર મકાનની દીવાલ ધરાશાઈ

અમદાવાદ : અમદાવાદ જિલ્લાના બાવળાના ભરવાડવાસમાં એક મકાનમાં ગેસ સિલિન્ડર ફાટતા પ્રચંડ ધડાકો થયો હતો. જેને કારણે નાસભાગ મચી જવા પામી હતી. આ ઘટનામાં બે વ્યક્તિને ઇજા થવા પામી છે. જ્યારે ચાર જેટલા મકાનોને નુકસાન થવા પામ્યું છે. આ બનાવો અંગે મળતી માહિતી મુજબ અમદાવાદ જિલ્લાના બાવળામાં આવેલા ભરવાડવાસમાં એક મકાનમાં મહિલા રસોઈ બનાવી રહી હતી, ત્યારે અચાનક જ ગેસ સિલિન્ડર ફાટતાં મોટો ધડાકો થયો હતો. આ વિસ્ફોટ એટલો બધો તીવ્ર હતો કે, આસપાસના ચાર મકાનોની દિવાલ ધરાશાઈ થઈ ગઈ હતી. આ વિસ્ફોટના પગલે સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ઘટનામાં બે વ્યક્તિને ઇજા થવા પામી હતી. જેમાંથી એક વ્યક્તિની હાલત ગંભીર હોવાથી તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટનાની જાણ થતા જ ફાયર બ્રિગેડ અને પોલીસને થતાં આગળ તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં ગેસ સિલિન્ડરમાં લીકેજ હોવાને કારણે આ બ્લાસ્ટ થયો હોવાનું અનુમાન છે. પોલીસે આ બનાવ અંગે ગુનો દાખલ કરી આગળ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## અમદાવાદની સેવન્થ ડેમાં પોલીસ બંદોબસ્ત સાથે ધોરણ 10 - 12ના વર્ગો શરૂ

અમદાવાદ : અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થડે સ્કૂલમાં આજથી ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આજે ચુસ્ત પોલીસ અને મેટલ ડિરેક્ટર થી તપાસ કરી વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયો હતો. ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થડે સ્કૂલમાં આજે ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન શિક્ષણકાર્ય શરૂ કરવામાં આવી હતું. શાળામાં મેટલ ડિરેક્ટર, સિક્યુરિટી સીસીટીવી અને એમ્બ્યુલન્સની સુવિધા પણ ઉભી કરવામાં આવી છે. આજે શાળામાં ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે શિક્ષણકાર્ય શરૂ થયું ત્યારે પોલીસ અને જિલ્લા શિક્ષણાધિકારી પણ હાજર રહ્યા હતા. આ ઉપરાંત શાળામાં સિક્યુરિટી ગાર્ડસ તરીકે નિવૃત્ત આર્મી જવાનોને રાખવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે ખોખરા વિસ્તારની સેવન્થડે શાળામાં ગઈ તારીખ 19 ઓગસ્ટના રોજ એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીઓ ઉપર છરી હથિયાર વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

# નીતીશકુમારને બિહારના મુખ્ય મંત્રી બનાવવા પડે છે તે ભાજપની મજબૂરી છે

બિહાર વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. દર ચૂંટણીની જેમ આ ચૂંટણીમાં પણ બધાની નજર નીતીશકુમાર ઉપર છે. આ વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર વોટચોરીના આક્ષેપો બહુ ગાજવાને કારણે બિહારની ચૂંટણી બહુ વિવાદાસ્પદ બની ગઈ છે. વિવિધ રાજકીય પક્ષો વચ્ચે ચાલી રહેલી બેઠકોની વહેંચણીની વાટાઘાટો વચ્ચે ભારતના ચૂંટણી પંચે SIR (સઘન મતદાતા સુધારણા) નો ડેટા જાહેર કર્યો છે, જે મુજબ બિહારમાં હવે ૭.૪૨ કરોડ મતદારો છે. ચૂંટણી પંચે બિહાર વિધાનસભા ચૂંટણીના થોડા મહિના પહેલાં SIR શરૂ કર્યું હતું. વિરોધ પક્ષોએ તેના સમય અંગે પ્રશ્નો ઉઠાવ્યા હતા, જ્યારે ચૂંટણી પંચે તેને મતદાર યાદીમાં સુધારો કરવાની પ્રક્રિયા તરીકે વર્ણવી હતી. હવે એવું માનવામાં આવી રહ્યું છે કે ચૂંટણી પંચ ટૂંક સમયમાં ચૂંટણીની તારીખો જાહેર કરશે અને તેની સાથે રાજ્યમાં આચારસંહિતા લાગુ થઈ જશે. આચારસંહિતા લાગુ થાય તે પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારની ૭૫ લાખ મહિલાઓનાં ખાતાંમાં ૧૦-૧૦ હજાર રૂપિયા જમા કરાવીને રેવડી આપવાનો પ્રારંભ પણ કરી દીધો છે.

બિહાર વિધાનસભાનો વર્તમાન કાર્યકાળ ૨૨ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ સમાપ્ત થાય છે. તેથી, રાજ્યમાં નવેમ્બર સુધીમાં ચૂંટણીઓ યોજાવાની છે. બિહારમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી ૨૦૨૦માં કોરોના મહામારીના પડછાયા હેઠળ ૨૮ ઓક્ટોબરથી ૭ નવેમ્બર દરમિયાન ત્રણ તબક્કામાં યોજાઈ હતી. કોરોના મહામારી દરમિયાન ભારતમાં યોજાનારી આ પહેલી મોટી ચૂંટણી હતી અને તેના સંદર્ભમાં ઘણી માર્ગદર્શિકા જારી કરવામાં આવી હતી. ૨૦૨૦ ની ચૂંટણી પછી બિહાર રાજ્યમાં NDAની સરકાર બની હતી, પરંતુ ઓગસ્ટ ૨૦૨૨ માં નીતીશકુમારે ભાજપ સાથેના સંબંધો તોડી નાખ્યા હતા અને તેઓ મહાગઠબંધનમાં જોડાયા હતા. ભાજપ અને જેડીયુ વચ્ચેના સંબંધો એટલા ખરાબ થઈ ગયા હતા કે નીતીશકુમારે તો એવું નિવેદન પણ આપી દીધું હતું કે તેઓ મરવાનું પસંદ કરશે પણ ભાજપ સાથે ક્યારેય નહીં જાય. બીજી તરફ, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે પણ કહ્યું હતું કે નીતીશકુમાર માટે NDAના દરવાજા હંમેશા માટે બંધ છે, પરંતુ રાજકારણમાં કોઈ અંતિમ સત્ય ન હોવાથી, પરિસ્થિતિ ફરી એક વાર બદલાઈ ગઈ હતી.

નીતીશકુમારના જેડીયુ અને લાલુ પ્રસાદ યાદવના રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી) એ ૨૦૧૫ ની વિધાનસભાની ચૂંટણી સાથે મળીને લડી હતી, બહુમતી મેળવી હતી અને સરકાર બનાવી હતી. આ ગઠબંધન ૨૦૧૭ માં તૂટી ગયું હતું. નીતીશ કુમાર પલટી મારીને NDAમાં જોડાઈ ગયા હતા અને મુખ્ય પ્રધાન તરીકે ચાલુ રહ્યા હતા. ૨૦૨૨માં તેમણે ફરી વાર પલટી મારી હતી અને આરજેડી સાથે મળીને સરકાર બનાવી હતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલાં ભાજપનો મુકાબલો કરવા માટે ઇન્ડિયા ગઠબંધન બનાવવાનો પ્રયાસ કરી




રહેલા ચહેરાઓમાં નીતીશકુમારને એક મહત્ત્વપૂર્ણ નેતા માનવામાં આવતા હતા. કદાચ તેઓ મોદી સામે વડા પ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર થાય તેવી સંભાવના હતી, પરંતુ જાન્યુઆરી ૨૦૨૪ માં તેઓ ફરી એકવાર NDA માં જોડાયા હતા અને RJD થી અલગ થઈ ગયા હતા. ૨૦૨૫ની ચૂંટણી પહેલા પણ અટકળો ચાલી રહી હતી કે નીતીશ કુમાર ગમે ત્યારે ભાજપ સાથેનો છેડો ફાડી શકે છે. ભાજપ બિહારમાં પોતાના બળ ઉપર સરકાર બનાવવા માગે છે અને પોતાનો મુખ્ય મંત્રી બનાવવા માગે છે, પણ બિહારમાં નીતીશકુમારનું કદ એટલું મોટું છે કે ભાજપની તે ઇચ્છા પૂરી થતી નથી.

બિહારમાં વિધાનસભામાં કુલ ૨૪૩ બેઠકો છે અને સરકાર બનાવવા માટે કોઈપણ પક્ષ કે ગઠબંધન પાસે ૧૨૨ બેઠકો હોવી જરૂરી હોય છે. બિહારમાં હાલમાં NDAની સરકાર છે, જેમાં JDU અને ભારતીય જનતા પાર્ટી તેના ઘટક પક્ષો છે અને RJDના તેજસ્વી યાદવ બિહાર વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા છે. હાલમાં બિહાર વિધાનસભામાં ભાજપ પાસે ૮૦, આરજેડી પાસે ૭૭, જેડીયુ પાસે ૪૫ અને કોંગ્રેસ પાસે ૧૯ ધારાસભ્યો છે. ભાજપની મજબૂરી છે કે નીતીશકુમારના પક્ષ પાસે માત્ર ૪૫ બેઠકો હોવા છતાં ૮૦ બેઠકો ધરાવતા ભાજપે નીતીશકુમારને મુખ્ય મંત્રી બનાવવા પડે છે. બિહારમાં ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી-લેનિનવાદી) ના ૧૧ ધારાસભ્યો, હિન્દુસ્તાની અવમ મોરચાના ૪ ધારાસભ્યો, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી (માર્ક્સવાદી) ના ૨ ધારાસભ્યો, ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટીના ૨ ધારાસભ્યો, ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઇત્તેહાદુલ મુસ્લિમીનના ૧ ધારાસભ્યો અને ૨ સ્વતંત્ર ધારાસભ્યો છે. આ વખતે પણ રાજ્યમાં મહત્ત્વપૂર્ણ મુકાબલો NDA અને મહાગઠબંધન વચ્ચે માનવામાં આવી રહ્યો છે. NDAમાં JDU, BJP, LJP (R), જીતન રામ માંઝીની HAM (સેક્યુલર) અને ઉપેન્દ્ર કુશવાહાની રાષ્ટ્રીય લોક મોરચા જેવી પાર્ટીઓનો સમાવેશ થાય છે. મહાગઠબંધનમાં આરજેડી, કોંગ્રેસ, સીપીઆઈ, સીપીએમ, સીપીઆઈ (એમએલ), વિકાસશીલ ઇન્સાન પાર્ટી (વીઆઈપી), જેએમએમ અને નેશનલ એલજેપીનો સમાવેશ થાય છે. અસદુદ્દીન ઓવૈસીનો પક્ષ AIMIM બંનેમાંથી કોઈ પણ ગઠબંધનનો ભાગ નથી. ૨૦૨૦ની ચૂંટણીમાં તેમની પાર્ટીએ પાંચ બેઠકો જીતી હતી, પરંતુ તેના ચાર ધારાસભ્યો પાછળથી RJDમાં જોડાઇ ગયા હતા.

ટુ ધ પોઇન્ટ
સમકિત શાહ

વિધાનસભાની ચૂંટણી નજીક છે તો પણ એનડીએ કે મહાગઠબંધન બંનેમાંથી કોઈએ હજુ સુધી બેઠકોની વહેંચણીના આંકડા જાહેર કર્યા નથી. બે મુખ્ય ગઠબંધન વચ્ચે બેઠકોની વહેંચણી અંગે મડાગાંઠ જોવા મળી રહી છે. બેઠકોની વહેંચણી અંગે અનેક તબક્કાની વાટાઘાટો થઈ છે, પરંતુ હજુ સુધી કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. બંને ગઠબંધનમાં નાના પક્ષો પોતાની માનીતી બેઠકો માટે પોતાનો દાવો કરી રહ્યા છે. નીતીશકુમારના ખરાબ સ્વાસ્થ્ય, જેડીયુમાં તેમના ઉત્તરાધિકારી અંગેની અટકળો, પ્રશાંત કિશોરની એન્ટ્રી અને ક્યારેક ચિરાગ પાસવાનના સ્વતંત્ર રીતે ચૂંટણી લડવાના સમાચારોને કારણે આ વખતની બિહારની ચૂંટણીઓ વધુ રસપ્રદ બની રહી છે. નીતિશકુમારથી અલગ થયા પછી પોતાની પાર્ટી બનાવનાર પ્રશાંત કિશોરને જ્યારે એક ઇન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે તેમને કેટલી બેઠકો જીતવાનો વિશ્વાસ છે, ત્યારે તેમણે કહ્યું કે તેમનો પક્ષ કાં તો ટોચ પર હશે અથવા નીચે. તેમની પાર્ટી બધી ૨૪૩ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખશે અને બેરોજગારી, સ્થળાંતર અને શિક્ષણના મુદ્દાઓ પર ચૂંટણી લડશે. પ્રશાંત કિશોરને બહુમતી મળે તેવી કોઈ આશા નથી, પણ જો ત્રિશંકુ વિધાનસભા રચાય તો તેમના પાસે હુકમનું પાનું આવી જશે. બિહારમાં વધુ એક નવી પાર્ટીનો ઉદય થયો છે. ત્રણ મહિના પહેલાં આરજેડી પ્રમુખ લાલુપ્રસાદ યાદવે ફેસબુક પોસ્ટને કારણે તેમના મોટા પુત્ર તેજપ્રતાપ યાદવને પાર્ટીમાંથી હાંકી કાઢ્યા હતા. હવે તેમણે પોતાની પાર્ટી બનાવી છે, જેનું નામ જનશક્તિ જનતા દળ છે. આ પાર્ટી વધુ બેઠકો નહીં મેળવી શકે તો પણ આરજેડીની બેઠકો તોડવાનું કામ જરૂર કરશે.

બિહાર વિધાનસભાની ચૂંટણીમાં NDA એમ કહીને ચૂંટણી લડી રહ્યું છે કે તેણે રાજ્યનો દરેક રીતે વિકાસ કર્યો છે અને યુવાનોને રોજગાર આપવાની સાથે તેણે છોકરીઓ અને મહિલાઓ માટે ઘણી યોજનાઓ શરૂ કરી છે. તે જ સમયે, મહાગઠબંધન રોજગાર, પેપર લીક અને SIR જેવા મુદ્દાઓ પર NDA ને ઘેરી રહ્યું છે અને યુવાનોને સરકારી નોકરીઓ અને રોજગાર સર્જન સહિત અનેક વચનો આપી રહ્યું છે. રાજ્યમાં તેજસ્વી યાદવ સાથે મત અધિકાર યાત્રાનું આયોજન કરતી વખતે રાહુલ ગાંધીએ વારંવાર SIR અને મતચોરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ મતચોરીનો મુદ્દો મતદારોને કેટલો પ્રભાવિત કરી શકે છે, તેની કસોટી પણ બિહારની ચૂંટણીમાં થવાની છે. જો કે, ભાજપ અને જેડીયુ તેને વિપક્ષી પક્ષોનું રાજકારણ ભયાવહ ગણાવી રહ્યા છે. તેમનો આરોપ છે કે જો મહાગઠબંધન સરકાર બનશે તો રાજ્યનો વિકાસ અટકી જશે અને ફરી જંગલ રાજ આવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી એનડીએને વિજય અપાવવા પોતાની તમામ તાકાત કામે લગાવી રહ્યા છે. નીતીશ કુમારની તાકાત તેમની ઓબીસી મતબેન્ક છે. જો નીતીશ કુમારનો પક્ષ ગયા વખત જેટલી બેઠકો મેળવવામાં નિષ્ફળ જાય તો ભાજપ તેમને મુખ્ય મંત્રીની ખુરશી ન આપે તેવું બની શકે છે. હંમેશ મુજબ નીતીશકુમાર મુખ્ય મંત્રીની ખુરશી ટકાવવા બધા વિકલ્પો ખુલ્લા રાખશે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**ભાજપ પોતાના બળ ઉપર સરકાર બનાવવા માગે છે અને પોતાનો મુખ્ય મંત્રી બનાવવા માગે છે, પણ બિહારમાં નીતીશકુમારનું કદ એટલું મોટું છે કે ભાજપની તે ઇચ્છા પૂરી થતી નથી**

# BUSINESS મિત્ર

બ્રોડર માર્કેટમાં મજબૂતાઇઃ રોકાણકારોની સંપત્તિમાં અઢી લાખ કરોડ રૂપિયાનો વધારો

# મેટલ શેરોની આગેવાનીએ સેન્સેક્સ નીચલા સ્તરેથી 500 પોઇન્ટ ઉછળ્યો

વાણિજ્યપ્રતિનિધિતરફથી

**અમદાવાદ, તા.3:** ભારતીય શેરબજારમાં આજે બીજા દિવસે તેજી સાથે બંધ રહ્યા હતા. પરંતુ આજના કારોબારના દિવસ દરમ્યાન શેરબજારમાં ઉતારચઢાવ જોવા મળ્યો હતો, જેમાં છેલ્લા એક કલાકમાં જબરજસ્ત ખરીદી રહેતા સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટિવ બંધ રહ્યા હતા. સેન્સેક્સ નીચલા સ્તરેથી 500 પોઈન્ટ ઉછળ્યો હતો. આમ, સપ્તાહ દરમ્યાન સેન્સેક્સ અને નિફ્ટી એક-એક ટકા સુધર્યા હતા. જ્યારે બ્રોડર માર્કેટમાં પણ સુધારો જોવાયો હતો. જેના પરિણામે આજે રોકાણકારોની સંપત્તિમાં અઢી લાખ કરોડ રૂપિયાનો વધારો થયો હતો.

આજના કારોબાર દરમ્યાન સૌથી વધુ મેટલ અને બેન્કીંગ શેરો ઉછળ્યા હતા. સમગ્ર સપ્તાહમાં મેટલ ઈન્ડેક્સ 4 ટકા ઉછળ્યો હતો, જ્યારે નિફ્ટી પીએસયુ ઈન્ડેક્સ બે ટકા વધ્યો હતો. જેનાથી બજારની રિકવરીને બળ મળ્યું હતું. આ સિવાય રિયલ્ટી, આઈટી, ફાર્મા અને એફએમસીજીના શેરોમાં સાપ્તાહિક ધોરણે સુધારો જોવાયો હતો.

બીએસઈ માર્કેટ કેપ 2.42 લાખ કરોડ રૂપિયા વધીને રૂ. 457.76 લાખ કરોડ થઇ ગઇ છે. જેથી આજે રોકાણકારોની સંપત્તિમાં સુધારો જોવાયો હતો. આજે 190 શેરોએ બાવન વીકની નવી ઉંચાઇ હાંસલ કરી હતી, જ્યારે 83 શેરોએ બાવન વીકના નીચલા સ્તરને સ્પર્શ્યા હતા.

બીએસઇ સેન્સેક્સ 223.86 પોઇન્ટ એટલે કે 0.28 ટકા વધીને 81207.17 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 81251 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 80649 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટીએ ઈન્ટ્રાડેમાં 24900ની સપાટી કુદાવી હતી પણ ટકાવી નહતી. આજે નિફ્ટી 57.95 પોઈન્ટ એટલે કે 0.23 ટકા વધઈને 24894.25 પોઈન્ટા સ્તરે બંધ રહી હતી. ઈન્ટ્રાડેમાં ઉંચામાં નિફ્ટી 24904 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24747 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 241.30 પોઈન્ટ એટલે કે 0.44 ટકા વધીને 55589.25 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે કેન ફિન હોમ્સમાં 5.81 ગણા, કેઆઇઓસીએલમાં 4.86 ગણા, સોલાર ઈન્ડ.માં 4.86 ગણા, પીટીસી ઈન્ડ.માં 3.86 ગણા અને પાવરગ્રીડમાં 2.91 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ઈઆઈએચ લિ.માં 21 ગણા, એજીસ લોજીસ્ટીકમાં 13.83 ગણા, પીટીસી ઈન્ડ.માં 7.29 ગણા, કેનફિન હોમ્સમાં 5.07 ગણા, ડેટા પેટર્નમાં 4.99 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ ઉછાળો જોવાયો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.78 ટકા વધ્યો હતો અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.09 ટકા વધ્યો હતો. જે માર્કેટ બ્રેડથ મજબૂત રહ્યું હતું. બીએસઇ ખાતે 2724 શેરો વધ્યા હતા, જ્યારે 1469 શેરો ઘટ્યા હતા અને 146 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી મેટલ ઈન્ડેક્સ 1.82 ટકા ઉછળ્યા હતા. જેમાં લોઇડ મેટલ્સમાં 3.84 ટકા, ટાટા સ્ટીલમાં 3.38 ટકા, નેલ્કો 3.12 ટકા, હિન્દુસ્તાન ઝીંકમાં 2.38 ટકા, હિન્દાલ્કો 1.76 ટકા, વેદાન્તા 1.53 ટકા, જેએસડબલ્યુ સ્ટીલ 1.39 ટકા અને વેલસ્પન કોર્પ 1.23 ટકા વધ્યા છે.

વૈશ્વિક સ્તરે યુએસ સરકાર શટડાઉનનૈ ત્રીજા દિવસમાં પ્રવેશ કરી હોવા છતાં ફેડરલ રિઝર્વ તરફથી નજીકના ગાળાના નાણાકીય સરળતાથી વધતી અપેક્ષાઓને કારણે રોકાણકારોએ જોખમ ઓન અભિગમ અપનાવ્યો હોવાથી યુરોપિયન બજારો સુધારા સાથે જોવાયા હતા. જ્યારે એશિયન શેરો પણ ઉંચા બંધ રહ્યા હતા. રોકાણકારો શટડાઉનથી મોટાભાગે અસ્વસ્થ દેખાયા હતા. જાપાનમાં બેરોજગારી ઓગસ્ટમાં 2.6 ટકા સુધી પહોંચી ગઇ છે, જે અગાઉના મહિનામાં 2.3 ટકા હતી. એસ એન્ડ પી ગ્લોબલ જાપાન સર્વિસીસ પીએમઆઇ ઓગસ્ટમાં 53.1થી વધીને સપ્ટેમ્બરમાં 53.3 થઇ ગઇ, નિકાસ ઓર્ડર નબળા હોવા છતાં મજબૂત સ્થાનિક માગથી ટેકો મળ્યો છે.

યુએસ શટડાઉનના કારણે લેબર ડિપાર્ટમેન્ટને પણ કામગીરી સ્થગિત કરવાની પરજ પડી હતી, જેના કારણે સપ્ટેમ્બરના નોન ફાર્મ પેરોલ્સ રિપોર્ટની જાહેરાતમાં વિલંબ થયો છે.

## ડોલરમાં સુધારો, 8 પૈસા વધ્યો

કરન્સી બજારમાં ડોલરમાં સુધારાની ચાલ જોવા મળી હતી, જેમાં આજે ડોલર 8 પૈસા મજબૂત રહ્યો હતો. ડોલરની સામે રૂપિયો 8 પૈસા વધીને 88.78ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 88.70ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 104.43, પાઉન્ડ 119.95, કેનેડિયન ડોલર 63.40, ઓસ્ટ્રેલિયન ડોલર 58.58, જાપાનીઝ યેન 0.6025 અને સીંગાપોર ડોલર 68.81ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 88.78 રૂ. |
| યુરો | 104.43 રૂ. |
| પાઉન્ડ | 119.95 રૂ. |
| યેન | 0.6024 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 223.86 | 81207.17 |
| નિફ્ટી | 57.95 | 24894.25 |
| બેન્કનિફ્ટી | 241.30 | 55589.95 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 3.40 | 173.21 |
| પાવરગ્રીડ | 3.22 | 289.70 |
| હિન્દાલ્કો | 1.88 | 780.35 |
| એક્સીસ બેન્ક | 1.85 | 1181.00 |
| કોટક બેન્ક | 1.80 | 2100.50 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| મેક્સ હેલ્થકેર | 3.95 | 1069.20 |
| કોલ ઇન્ડિયા | 1.33 | 383.35 |
| ટેક મહિન્દ્રા | 1.09 | 1400.60 |
| મારૂતિ સુઝુકી | 1.00 | 15906.00 |
| સન ફાર્મા | 0.31 | 1631.20 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટાટા સ્ટીલ | 3.52 | 173.40 |
| પાવરગ્રીડ | 2.87 | 288.80 |
| કોટક બેન્ક | 2.18 | 2108.00 |
| એક્સીસ બેન્ક | 2.16 | 1184.50 |
| લાર્સન-ટુબ્રો | 1.99 | 3743.30 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટેક મહિન્દ્રા | 1.26 | 1398.60 |
| મારૂતિ સુઝુકી | 1.06 | 15801.25 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 0.85 | 12015.95 |
| બજાજ ફિનસર્વ | 0.69 | 1994.00 |
| સન ફાર્મા | 0.53 | 1627.50 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૫૦/૩૬ '' | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | ૮૦/૧૦૮ '' | ૧૩૪ | ૩૦/૩૬ એફડી | --- |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૬૦ | કોપરેલ | ૭૮૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૬૦ | વનસ્પતિ ઘી | ૨૩૫૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૬૦ | સનફ્લાવર | ૨૧૭૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૪૫૦ | તલતેલ | ૫૦૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૨૫૦ | દિવેલ | ૨૪૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૯૦ | મકાઇ તેલ | ૨૪૦૦ |
| સરસીયું તેલ | ૨૯૫૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-30 | ૪૩૫૦ |
| એસ-30 | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૪૩૦૦ |
| એસ-30 | ૪૨૫૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૨૧૦૦૦ |
| તેજાબી સોનું | ૧૨૦૯૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૧૪૯૫૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૧૮૫૮૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૨૧૦૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૫૦૬૦૦ |
| ચાંદી સિક્કા | ૧૫૨૧૦૦ |

# બોનસ- સ્ટ્રીપીંગ અને ઈ-ટેક્ષ રીટર્ન

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

ગયા અંકમાં આપણે જોયું કે યુનિટ કે ફંડ અથવા કંપની દ્વારા રેકોર્ડ તારીખે બોનસ જાહેર થાય ત્યારબાદ એની બજાર કિંમતમાં (NAV)માં ઘટાડો થાય તે સ્વાભાવિક છે અને આ સંજોગોમાં રેકોર્ડ તારીખ પહેલાં ઉંચી કિંમતે ખરીદી કરીને બોનસ જાહેર થયા બાદ મૂળ શેર્સ- સ્ક્રીપ્ટનું નીચી કિંમતે વેચાણ કરીને મૂડી-નૂકસાન બુક કરવામાં આવે, જે વર્ષમાં અથવા ત્યાર પછીના વર્ષમાં અન્ય કેપિટલ ગેઈન આવક સામે બાદ માંગીને અસરકારક ટેક્ષનો ડર ઓછો કરીને આવકવેરાની જવાબદારીમાંથી છટકવાના પ્રયાસને કલમ-15 (8) ઉકેલે છે.

**નવી ગ્રાન્ડ ફાયરીંગની જોગવાઈ**

આ કલમમાં રેકોર્ડ તારીખના 3 મહિના પહેલાંની ખરીદી અને રેકોર્ડ તારીખા પછીના 9 મહિનામાં વેચાણને લગતી જોગવાઈ છે, જે સ્વાભાવિક 12 મહિનાનો પિરીયડ શોર્ટ ટર્મ કેપિટલ લોસનું સૂચન કરે છે અને આ પિરીયડમાં 31-1-2028 ની ગ્રાન્ડફાધરીંગની તારીખ વચ્ચે આવે તો પણ ફર્ક પડતો નથી. જોકે હવે તો આ તારીખ વિતી ગયાને પણ 6-7 વર્ષો વિતી ગયા હોય બોનસ સ્ટ્રીપીંગ સંદર્ભે કરન્ટ નાણાંકીય વર્ષ અથવા એ અગાઉના નાણાકીય વર્ષે એટલે કે F%2024-25 કે જેનું રીટર્ન ભરવાની મુદત 16-9-2025ના રોજ પૂરી થઈ ગઈ છે. એ સંદર્ભે મૂલવવાનું રહેશે.

**દાખલાઓથી સમજીએ**

એક કંપનીએ રેકોર્ડ તારીખ 30-9-2025ની રોજ બોનસ જાહેર કર્યો. રમેશભાઈ નામના શેરહોલ્ડરે તા. 1-8-204ના રોજ 1000 યુનિટ્સ 23/-ના ભાવે 23000 માં ખરીદ્યાં. બે સામે એક એટલે કે 500 યુનિટ્સ બોનસ તરીકે મળ્યા. બોનસ માટેની રેકોર્ડ તારીખ 30.09.2024 છે. રમેશ ભાઈએ આ તારીખ પછીના 9 મહિનાનો ગાળો 30-6-2025 સુધીનો છે ધારો કે તા. 30.10.2024માં 800 યુનિટ્સ 17ના ભાવે એટલે કે 13600/-ના ભાવે વેચ્યા.. હવે આ સંજોગોમાં રમેશભાઈને ટૂંકા ગાળાની એટલે કે શોર્ટ ટર્મ કેપિટલ લોસ 4800/- થશે. 800 શેર્સની 23ના ભાવે ખરીદી 18400 અને 800 શેર્સનું 17ના ભાવે વેચાણ એટલે કે 13600/- થશે.

હવે આ સંજોગોમાં 4800ની નુકસાની શૂન્ય ગણાશે મતલબ કે અન્ય કેપિટલ ગેઈન આવક અથવા અન્ય આવક સામે બાદ મળશે નહિ કે ભવિષ્યમાં આગળ ખેંચાશે નહીં.

ભૂલથી આ નુકશાની અન્ય આવક સામે બાદ લીધી તો આઈ.ટી.ના સોફ્ટવેર પરથી પકડાઈ જશે.

**લોંગ ટર્મ ગેઈન**

ઉપરના દાખલા મુજબનો સમયગાળો 30-6-2025 એટલે કે રેકોર્ડ તારીખ થી 9 મહિના માટે જ અમલમાં રહેશે. 30-06-2025 પછીના બોનસ વેચાણ માટેનો ભાવ જે તે તારીખની બજાર કિંમત રહેશે. ધારો કે રમેશભાઈએ બાકીના 700 શેર્સ (1000+500)-800) તા. 1-9-2025ના રોજ 20/-ના ભાવે વેચે તો ગણતરી નીચે મુજબ રહેશે.

1000 મૂળ શેર્સમાંથી 800 શેર્સ વેચ્યા (FIFO મુજબ)

- 200 મૂળશર્સની ખરીદી 23/-ના ભાવે 4600/-

200 મૂળ શેર્સ વેચાણ 20/- ના ભાવે 4600/-

આમ આ વ્યવહારમાં 600/-ની નુકસાની

- બાકી વધેલા 500 બોનસ શેર્સ પડતર કિંમત શૂન્ય 500 શેર્સ વેચાણ 20/-ના ભાવે 10,000

- આમ આ વ્યવહારમાં લોંગ ટર્મ કેપિટલ ગેઈન 9400 (10000-600)

યુએસ શટડાઉન લાંબુ ચાલવાની ભીતિએ

# સોનામાં ઉપલા સ્તરેથી નફાવસુલી

**જોકે,** યુએસ ગોલ્ડ ફ્યુચર્સમાં સુધારો ચાલુ રહ્યો, આ સપ્તાહમાં વૈશ્વિક ભાવમાં 2.7 ટકાનો વધારો રહ્યો

**મુંબઈ, તા. 3:** દેશમાં આજે સોનાના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. વૈશ્વિક બજારોની વાત કરીએ તો તે લગભગ સપાટ સ્તર પર છે. રોઇટર્સના જણાવ્યા અનુસાર, ન્યૂયોર્કમાં સ્પોટ ગોલ્ડની કિંમત 3859.69 ડોલર પ્રતિ ઔંસ પર સ્થિર રહી છે. ગઇકાલે સોનાનો ભાવ 3896.49 ડોલરની રેકોર્ડ ઊંચી સપાટીએ જોવા મળ્યો હતો. ફ્યુચર ટ્રેડિંગમાં ડિસેમ્બર ડિલિવરી માટે યુએસ ગોલ્ડ ફ્યુચર્સ 0.4 ટકા વધીને 3883 ડોલર થયા છે. આ અઠવાડિયે સોનાના વૈશ્વિક ભાવમાં 2.7 ટકાનો વધારો થયો છે. યુએસ સેન્ટ્રલ બેંક, ફેડરલ રિઝર્વ તરફથી વધુ વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓ, યુએસ સરકારની કામગીરીમાં અટકી જવું અને નબળા ડોલરે સોનાની આંતરરાષ્ટ્રીય ખરીદીને વેગ આપ્યો. યુએસના નબળા લેબર ડેટાએ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાઓને વેગ આપ્યો હતો. યુએસ સેનેટ 30 સપ્ટેમ્બરેફંડ એક્સપાન્શન પસાર કરવામાં નિષ્ફળ ગયું, જેના કારણે ફેડરલ શટડાઉનની આશંકા વધી હતી. ભારતમાં તહેવારોની માંગ, સ્થાનિક શેરબજારોમાં નિરાશા જેવા સ્થાનિક પરિબળોને કારણે સ્થાનિક સોનાના ભાવમાં વધારો થયો હતો.